| દાખલ તા. | ૧૭–૦૩–૨૦૨૬ | | |
|---|---|---|---|
| નોંધ્યા તાઃ | ૧૭–૦૩–૨૦૨૬ | | |
| ફેંસલ તાઃ | ૩૦–૦૩–૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | – | – | ૧૦ |

**<u>ધોરાજીના મહે. એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ,</u>**
**<u>મું. ધોરાજી.</u>**

**ફોજદારી કેસ નંબરઃ–૪૨૫/૨૦૨૬**
**આંકઃ–૦૫**

ફરીયાદીઃ– **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

આરોપીઃ– **વિજયભાઇ રસીકભાઇ ચૌહાણ,**
**રહે.મોટીમારડ, તા.ધોરાજી.**

---

ફરીયાદી પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી જે.વી. જોષી
આરોપી પક્ષ તર્ફે વિ.વ.શ્રી એન. આર. શેખવા

---

ગુન્હોઃ– **<u>એમ.વી.એક્ટની કલમ–પ્રોહી.એક્ટની કલમ– ૬૬(૧)(બી) મુજબ.</u>**

1. આ કામના આરોપી વિરૂધ્ધ પ્રોહી. એક્ટની કલમ–૬૬(૧)(બી) ગુન્હો પાટણવાવ પોલીસ મથકે ગુ. રજી. નં.૧૧૨૧૩૦૪૩૨૫૦૨૫૧/૨૦૨૫ થી નોંધાયેલ છે અને તપાસના અંતે તપાસ અધિકારીએ સદરહૂ ગુન્હાનુ નામદાર એડી. ચીફ જયુ. મેજીસ્ટ્રેટની અદાલતમાં ચાર્જશીટ કરેલ. જે ચાર્જશીટ ફોજદારી કેસ તરીકે રજીસ્ટર થઇ અત્રેની અદાલતમાં ઇન્સાફી કાર્યવાહી માટે ટ્રાન્સફર થઇને આવેલ છે.

2. આ કામે આરોપી હાજર થતાં તેઓ જણાવે છે કે તેઓ આ ગુન્હો કબુલ કરવા માંગે છે. તેઓએ તેમની રાજીખુશી અને મુકતસંમતિથી આંક–૦૩ થી આરોપીએ કબુલાત પુરસીસ રજુ રાખેલ છે. આરોપી વિરૂધ્ધ આંક–૦૪ થી આરોપીનુ નિવેદન લેતાં ગુન્હા કબુલાતની પુરસીશને વળગી રહે છે. આરોપીની સ્વૈચ્છીક ગુન્હાની કબુલાત ધ્યાને લઇ ઉપરોકત ગુન્હા અંગે તેઓને અત્રેની કોર્ટ દ્વારા તકસીરવાન ઠરાવવામાં આવે છે.

3. આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા. આરોપીની કબુલાતની પુરસીશ તથા ગુન્હાના સંજોગો ધ્યાને લીધા. વધુમાં આરોપીએ જણાવેલ છે કે, તેમનો આ પ્રથમવારનો ગુન્હો છે જે શરતચુકથી થયેલ છે, ભવિષ્યમાં તે બાબતની તકેદારી રાખશે અને તેવા પ્રકારનો કોઇ ગુન્હો

કરશે નહી. તે કુટુંબમાં કમાનાર એક જ વ્યકિત છે. આરોપી ઉપર તેના કુટુંબના નિર્વાહનો મહત્વનો આધાર છે. આરોપીના કૃત્ય બદલ તેમના પરિવારને પણ આર્થિક તેમજ સામાજિક હાલાકી ભોગવવી પડતી હોય છે. ભવિષ્યમાં આરોપી આવો ગુન્હો નહી કરે તેવી બાહેંધરી કોર્ટ રૂબરૂ આપેલ હોય તેમજ આરોપીને સુધરવાની તક મળે તે હેતુને તથા તમામ હકીકતો અને સંજોગો ધ્યાનમાં રાખી નામદાર ગુજરાત વડી અદાલતના **'રાજય વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર'** (૨૦૦૫(૧)ગુ.લો.રીપોર્ટર પાનુ ૭૦૯) નો ચુકાદો તેમજ આરોપીની ગુન્હા કબુલાતની પુરસીસ તથા ગુન્હાના સંજોગો ધ્યાને લેતા આરોપીને કાયદાનુસારની ન્યુનતમ કે મહત્તમ સજા ના કરવાથી પણ ન્યાયનુ હીત જળવાઈ રહેશે તેમ જણાતુ હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## //હુ ક મ//

- આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૭૫ અન્વયે પ્રોહી.એક્ટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા આરોપીને રૂા.૨૫૦/– (અંકે રૂપિયા બસ્સો પચાસ પુરા) દંડ, દંડની રકમ ન ભરે તો દિન–૦૩(સાત) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
- **આજ રોજ તારીખ–૩૦મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ઠરાવ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

સ્થળઃ-ધોરાજી.
તા.૩૦/૦૩/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ**,
ધોરાજી.
(જજ કોડ-જીજે૦૧૨૫૮)